# સહકારી શિક્ષણ

**સ્ટુડન્ટ સક્સેસ પ્રસ્તાવ દ્વારા ઑન્ટારિયો માધ્યમિક શાળાઓ વિદ્યાર્થીઓની વ્યક્તિગત કેળવણી શૈલીઓ અને રૂચિઓ પૂરી કરવામાં મદદ કરવા માટે વિસ્તારિત કાર્યક્રમો આપી રહી છે. આ કાર્યક્રમો વિદ્યાર્થીઓને વિવિધ નવા અને સુધારેલા કેળવણીના વિકલ્પો દ્વારા તેમના હાઈ સ્કૂલના અનુભવોને રૂચિ પ્રમાણે ઢાળવા દે છે. આ વિકલ્પોમાં ડ્યુઅલ ક્રેડિટ્સ, સ્પેશિયાલિસ્ટ હાઈ સ્કિલ્સ મેજર્સ અને સહકારી શિક્ષણનો સમાવેશ થાય છે.**

**આ કાર્યક્રમો બધાં વિદ્યાર્થીઓની જરૂરિયાતો, રૂચિઓ અને શક્તિઓ પૂર્ણ કરવામાં તેમને કેળવણીમાં પ્રવૃત્ત કરવામાં અને સ્નાતક તેમજ તેથી આગળના સમય માટે તેમને બહેતર રીતે તૈયાર કરવામાં મદદ કરે છે.**

## સહકારી શિક્ષણ (કો-ઑપ) શું છે?

- સહકારી શિક્ષણ એ મંત્રાલય-માન્ય કાર્યક્રમ છે જે વિદ્યાર્થીઓને નોકરીની વ્યવસ્થા પૂરી કરવા દરમિયાન માધ્યમિક શાળા ક્રેડિટ્સ કમાવા દે છે. આ કાર્યક્રમ સહકારી શિક્ષણના શિક્ષક દ્વારા દેખરેખ રાખવામાં આવતાં કો-ઑપ અભ્યાસક્રમ, કોઈપણ વિષયમાં સંબંધિત પાઠ્યક્રમ અભ્યાસક્રમ અને નોકરીની વ્યવસ્થાનો બનેલો હોય છે.
- વિદ્યાર્થીઓ વૈકલ્પિક કો-ઑપ ક્રેડિટ્સ કમાવા પર કોઈ મર્યાદા વિના તેમની ફરજિયાત હાઈ સ્કૂલ સ્નાતક જરૂરિયાતો તરફ કો-ઑપ ક્રેડિટ્સ લાગુ કરી શકે છે. વિદ્યાર્થીઓ માટે તેમની માધ્યમિક શાળા દ્વારા કો-ઑપ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવે છે અને શિક્ષણ મંત્રાલયની નીતિઓ અને માર્ગદર્શિકાઓનું પાલન થવું જોઈએ.

## તે કોના માટે છે?

- કો-ઑપ કાર્યક્રમો માધ્યમિક વિદ્યાર્થીઓ માટે છે જેઓ એપ્રેન્ટાઈસશિપ, કૉલેજ, યુનિવર્સિટી કે કાર્યસ્થળ માટે જઈ રહ્યાં હોય.

## કો-ઑપ કાર્યક્રમોના ચાવીરૂપ લાભો

કો-ઑપ વિદ્યાર્થીઓ નીચેના માટેની તક ધરાવે છે:

- પ્રાયોગિક કેળવણીનો અનુભવ
- "ટેસ્ટ-ડ્રાઈવ" કારકીર્દિ વિકલ્પો
- તેમના વર્ગખંડની કેળવણીની પ્રાસંગિકતા જોવી
- કાર્યસ્થળના અનુભવ દ્વારા ક્રેડિટ્સ કમાવી
- કાર્યસ્થળમાં જરૂરી આવશ્યક કૌશલ્યો અને આદતો વિકસાવવી
- મૂલ્યવાન કાર્ય અનુભવ પ્રાપ્ત કરવો જે માધ્યમિક બાદનાં કાર્યક્રમો અને ભાવિ રોજગારી માટે રેઝ્યુમનું નિર્માણ કરવામાં મદદ કરે.

## કો-ઑપ કાર્યક્રમો ક્યાં આપવામાં આવે છે? હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?

- બધાં ઑન્ટારિયો શાળા બૉર્ડ કો-ઑપ કાર્યક્રમો આપે છે. વધુ માહિતી માટે, આપના શાળાનાં આચાર્ય અથવા આપના શાળાનાં બૉર્ડ ખાતે સ્ટુડન્ટ સક્સેસ લીડરનો સંપર્ક કરો. સહકારી શિક્ષણ વિશે વધુ વિગતવાર માહિતી અહીં મળી શકે છે: **www.ontario.ca/studentsuccess.**

ISBN 978-1-4606-1219-4 (PDF) (Gujarati) © ક્વિન્સ પ્રિન્ટર ફૉર ઑન્ટારિયો, 2013



Ontario